હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

લો આ થેલી, શાક લઈ આવો... અને સાંભળો બાજુવાળા ભાઈને પાછળ બેસાડીને લઈ જજો... રોજ વિડીયોમાં આવે છે... પોલીસવાળા પાછળ બેઠેલાને જ દંડા મારે છે...!!

એસટી ડેપો સંકુલ પાછળ આગ લાગતા દોડધામ

ગાંધીનગર શહેરના એસટી ડેપો સંકુલમાં આવેલ સીએનજી પંપની પાછળના ભાગે મંગળવારના રોજ બપોરના સુમારે સુકા પાંદડામાં આગ લાગી હતી. આગને પગલે સ્થાનીક શ્રમિકોમાં દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરતા તાત્કાલીક ફાયર ટીમના જવાનો બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લેતા રાહતનો શ્વાસ લીધો હતો.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ દ્વારા ચાલી રહેલ ભોજન સેવાના કાર્યમાં તાજેતરમાં સરકારના પૂર્વમંત્રી અને જાણીતા સહકારી અગ્રણી દિલીપ સંઘાણી પણ જોડાયા હતા.
- ગાંધીનગર જિલ્લામાં જળસંચયના કામો શરૂ કરવા માટે તંત્ર દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે.
- જિલ્લામાં રેપીડ ટેસ્ટ કીટના ઉપયોગ અંગે લેબ. ટેકનીશ્યનોને તાલિમ આપવામાં આવશે.
- ૨૦ એપ્રિલ સુધીમાં જિલ્લામાં ૧૫ થી વધુ કન્સ્ટ્રકશન સાઈટો ચાલુ કરવાની મંજૂરી જિલ્લાતંત્ર દ્વારા આપવામાં આવી છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા આજે જિલ્લા કલેક્ટરને મળી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સ્થિતિ અને પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી હતી.
- જિલ્લાના અધિકારીઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ વધ્યો છે તેમજ તેમના પ્રશ્નોને વાચા મળી રહી હોવાનું જણાતા ગ્રામ્ય વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.
- સચિવાલયમાં ૩૦ ટકા કર્મયોગીઓની હાજરી સાથે કામગીરીનો આરંભ કરવાની સૂચના પછી ઘણા વિભાગોમાં હાજરી ૧૦ ટકા કરતાં પણ ઓછી જણાઈ છે.

જિલ્લા વિકાસ અધિકારીએ ઝુંડાલની દેવ પેરેડાઈસ અને નાના ચિલોડાના કિષ્ના બંગ્લોઝની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજરોજ ઝુંડાલની દેવ પેરેડાઈસ અને નાના ચિલોડાના કિષ્ના બંગ્લોઝની મુલાકાત લીધી હતી.

અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી વિસ્તારમાં આવેલી ઝુંડાલ રેવન્યુ સર્વે નંબરની દેવ પેરેડાઈસ સોસાયટી અને નાના ચિલોડા રેવન્યુ સર્વેમાં કિષ્ના બંગ્લોઝ આવેલા છે. આ બન્ને જગ્યાની જિલ્લા વિકાસ અધિકારીની મુલાકાત દરમ્યાન તેમની સાથે તાલુકા વિકાસ અધિકારી, ગાંધીનગર જી.એ ધાંધલીયા, મેડિકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુઘડ ડો. દિનેશ પટેલ અને બંને ગામના તલાટી કમ મંત્રી પણ જોડાયા હતા.

આ મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીએ ખાનગી સોસાયટીના પ્રમુખ અને કમિટી મેમ્બરને સોસાયટીમાં કડક રીતે લોકડાઉનનો અમલ થાય, સોસાયટીમાં બહારથી આવતા લોકોની અવર જવર રજીસ્ટરમાં નોંધ થાય તે અંગે સોસાયટીના પ્રમુખ અને કમીટી અને સોસાયટીના તમામ લોકોને હોમ ક્વોરેન્ટાઈન અને સોશિયલ ડિસ્ટન્ટનું કડક પાલન કરવા તાકીદ કરવામાં આવી હતી.

મેડિકલ ઓફિસર પાસેથી દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી, સંપર્કમાં આવેલ લોકો, દર્દીની હાલની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. હાઉસ ટુ હાઉસ આરોગ્ય વિષયક સર્વેની કામગીરી ની સમીક્ષા કરી હતી.

આ સોસાયટીઓમાં નિયમિતપણે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે અને સમગ્ર વિસ્તારને નિયમિત પણે સેનિટાઈઝ કરવામાં આવે તથા આ સોસાયટીને અનાજ કરિયાણાના શાકભાજી અને દૂધની વ્યવસ્થા સોસાયટીમાં અંદર જ તમામ આવશ્યક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવા માટે તલાટી કમ મંત્રીને ભારપૂર્વક જિલ્લા વિકાસ અધિકારીએ સૂચના આપી હતી.

મુખ્યમંત્રીએ ફ્રન્ટલાઈન વોરિર્યસ તબીબો સાથે વાતચીત કરી તેમની પીઠ થાબડી

કોરોના નિયંત્રણ કામગીરી દરમ્યાન કોરોના રોગગ્રસ્ત થઇ સારવાર લઇ રહેલા પોલીસ-આરોગ્યકર્મીઓના ખબરઅંતર પૂછ્યા

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના વાયરસ કોવિડ-૧૯ના સંક્રમણની કપરી સ્થિતીમાં પોતાનો તબીબી સેવા ધર્મ બજાવી કોરોના સંક્રમિતોની સારવાર સુશ્રુષા કરી રહેલા સેવાવ્રતી તબીબોને અભિનંદન પાઠવી તેમના પણ હાલ-ચાલ પૂછયા હતા.

વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી વિડીયો કોન્ફરન્સ માધ્યમ દ્વારા અમદાવાદ સિવિલ કોવિડ હોસ્પિટલમાં ફરજરત તબીબો-આરોગ્ય કર્મીઓ સાથે વાતચીત કરી હતી.

આ તબીબો જેઓ કોરોના સંક્રમિત દર્દીઓની દિવસ-રાત સારવાર કરી રહ્યા છે તેમની સેવા ભાવનાને બિરદાવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે તમે સૌ ફ્રન્ટ લાઈન વોરિયર્સ તરીકે જે સારવાર સુશ્રુષા અને કપરી ફરજ બજાવો છો તેના આધાર પર જ કોરોના સામે આપણે

વિજય મેળવીશું.

મુખ્યમંત્રીએ ગુજરાતના સૌ નાગરિકો વતી આ તબીબોને અભિનંદન આપતાં તેમને હ્લહ્લઈ કિટ, ૬-૯૫ માસ્ક તથા અન્ય સુવિધાઓ પર્યાપ્ત રીતે મળે છે કે કેમ તેની પૃચ્છા પણ કરી હતી.

તેમણે એમ પણ કહ્યું કે રોગગ્રસ્તોની સારવાર દરમ્યાન આ તબીબોને ચેપ ન લાગે કે તેઓ સ્વયં સંક્રમિત ન થાય તે માટેની તકેદારી, રોગપ્રતિકારક શકિત વધારવી વગેરે તેઓ અવશ્ય કરે.

મુખ્યમંત્રીએ આ જ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા એવા પોલીસ અને આરોગ્ય કર્મીઓ જેઓ કોરોના નિયંત્રણની કામગીરી ફરજ દરમ્યાન કોરોના વાયરસનો ભોગ બન્યા છે તેમના ખબરઅંતર પૂછયા હતા.

વિજયભાઈ રૂપાણીએ આ દર્દીઓને દવા, ખાવા-પીવાની વ્યવસ્થા, હોસ્પિટલ સ્ટાફની સેવાઓ, સેનીટેશન વગેરે સુવિધા અંગે સહજ ભાવે પૂછપરછ કરી માહિતી મેળવી હતી.

તેમણે આ સંક્રમિત કર્મચારીઓ સત્વરે સાજા થઈને પોતાની ફરજ પર આવીને સમાજ-રાજ્યની સેવાનું દાયિત્વ નિભાવે તેવી શુભેચ્છાઓ પણ આપી હતી.

સમગ્ર દેશમાં કોરોના વાયરસના કારણે લોકડાઉન કરવામાં આવ્યું હતું. તે પછી લાંબા સમયે ગાંધીનગર જિલ્લામાં બે દિવસથી સરકારી કચેરીઓની કામગીરીનો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લા કક્ષાની વિવિધ કચેરીઓ અને બિલ્ડીંગમાં કર્મયોગીઓના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સેનિટાઈઝ કરવાની કામગીરી ચાલી રહી છે. ગાંધીનગરના સેકટર-૧૧માં આવેલી જિલ્લાકક્ષાની કચેરીઓના સહયોગ સંકુલમાં સેનિટાઈઝર કરવાની કામગીરી કરવામાં આવી હતી તે સમયની ઝલક.

O, B અને AB પોઝીટીવ રકતની તાતી જરૂર

ગાંધીનગર, તા.૨૧

કોરોનાના કહેર વચ્ચે શહેરમાં રકતદાતાઓ જરૂરીયાતમંદ દર્દીઓ માટે રકતદાન કરે તે પણ અનિવાર્ય બન્યું છે. શ્રધ્ધાદિપ પેથોલોજી લેબોરેટરીના મહેન્દ્ર ગજજરે આ અંગે જણાવ્યું હતું કે, હાલ બ્લડ બેંક પાસે O, B અને AB પોઝીટીવ ગૃપના લોહીની તાતી જરૂરીયાત ઉભી થઈ છે. આ મામલે રકતદાતાઓને સેકટર-૧૬ સ્થિત શ્રધ્ધાદિપ લેબોરેટરીનો અથવા મો.નં. ૯૮૨૫૫ ૮૩૮૯૮ પર સંપર્ક કરવા જણાવાયું છે. શહેરના રકતદાતાઓએ આવા કપરા સમયે મદદરૂપ થવા અપીલ કરાઈ છે.

કેન્દ્ર સરકારની ટાસ્કફોર્સ કમિટીની ભલામણો અનુસાર નિર્ણય લઈ

રાજ્યમાં તમામ યુનિવર્સિટીઓ હસ્તકની કોલેજના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક પરીક્ષાઓ લેવાશે : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય સરકારની તથા ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા પરીક્ષાઓ લેવા સંદર્ભે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે મહત્વની સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે આગામી દિવસોમાં યુનિવર્સિટીઓ હસ્તકની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવશે જ. પરંતુ યુ.જી.સી. દ્વારા પરીક્ષાઓ અને અન્ય બાબતો અંગે નિર્ણય લેવા માટે નિષ્ણાંત સભ્યોની સમિતિના સૂચનો અને ભલામણો અનુસાર પરીક્ષાઓ અંગેની માર્ગદર્શિકા રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવશે અને તે મુજબ પરીક્ષાઓ લેવામાં આવશે. આજે કોરોના કોવિડ-૧૯ના સંદર્ભમાં રાજ્યની સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓએ લોકજાગૃતિ અને કોરોનાથી જરૂરી રક્ષણ મેળવવા સંદર્ભે કરેલી કામગીરીની સમીક્ષા કરવા ગાંધીનગર ખાતે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ મહત્વની સ્પષ્ટતા કરી હતી.

યુનિવર્સિટીઓની પરીક્ષાઓ અંગે શિક્ષણમંત્રીએ કુલપતિઓને એમ પણ જણાવ્યું હતું કે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયે યુનિવર્સિટીઓની પરીક્ષા યોજવા બાબતે માર્ગદર્શિકા નક્કી કરવા જે ટાસ્કફોર્સની રચના કરી છે તેના માર્ગદર્શન પ્રમાણે પરીક્ષા સંદર્ભે આપણે આગળ વધવાનું રહેશે. કોલેજના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક પરીક્ષાઓ કઈ રીતે લેવી તેની સૂચના સત્વરે મોકલી આપવા માટે પણ શિક્ષણમંત્રીએ કુલપતિઓને અપીલ કરી હતી.

સમગ્ર રાજ્યમાં કોરોના કોવિડ-૧૯ના કારણે સર્જાયેલી પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા શિક્ષણમંત્રીએ જણાવ્યુ હતુ કે આ એક પડકારરૂપ સમય છે. ભવિષ્યમાં કોઈપણ પ્રકારની આફતને પહોંચી વળવા માટે જનજાગૃતિ, તાલીમ, શિક્ષણ અને માર્ગદર્શન આપે તેવો યુનિવર્સિટી અભ્યાસક્રમ તૈયાર કરવા માટે પણ શિક્ષણમંત્રીએ કુલપતિઓને આહવાન કર્યુ હતુ. તેમણે જણાવ્યું હતું કે કોરોનાએ દુનિયામાં વહેવાર અને વહીવટની પદ્ધતિ બદલી નાંખી છે. હવે જીવન પદ્ધતિ અને જીવનશૈલી પણ બદલવી પડશે. અગાઉની આફતો દેશ્ય આફતો હતી, જે આપણે જોઈ શકતા હતા અને જેમનો આપણે સફળતાપૂર્વક સામનો પણ કર્યો છે. પરંતુ આ આફત અદેશ્ય હોવા છતાં પણ સમગ્ર દેશ અને આપણા રાજ્યની જનતા અને વહીવટીતંત્ર તેનો હિંમતભેર સામનો કરી રહ્યો છે.

જિલ્લામાંથી મુખ્યમંત્રી રાહતફંડ નિધિમાં અત્યાર સુધીમાં ૧૧ લાખ રૂપિયાનુ દાન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની વિવિધ ધાર્મિક, સામાજિક, સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા રાજયના મુખ્યમંત્રીશ્રી રાહતફંડ નિધિ માટે ૨૦મી એપ્રિલ સુધીમાં કુલ- ૧૧ લાખ રૂપિયાથી વધુનું દાન આવ્યું છે.

રાજયના સંવેદનશીલ મુખ્યમંત્ર દ્વારા કોરોના સામે લડવા માટે રાજયની સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકોને મુખ્યમંત્રી રાહતફંડ નિધિમાં દાન આપવા માટે અપીલ કરી હતી. આ અપીલને સમર્થન આપીને ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ આ દાન માટે હાંકલ નાખી હતી. જેની ફલશ્રૃતિરૂપે ગાંધીનગરની વિવિધ ધાર્મિક, સામાજિક અને અન્ય સેવાભાવી સંસ્થાઓ અને નાગિરકોએ સ્વયંમૂ રીતે ગાંધીનગર કલેકટરને ચેક અર્પણ કર્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં ૨૨ માર્ચથી ૨૦મી એપ્રિલ, ૨૦૨૦ સધુીમાં કુલ - ૧૧,૦૯,૧૧૯ રૂપિયાની રકમ કોરોના સામેની લડાઈ માટે રાજયના મુખ્યમંત્રીશ્રી રાહતફંડ નિધીમાં આવ્યા છે. જેમાં જામળા ગામના આશુદેવ મહાદેવ ટ્રસ્ટ થકી રૂ. ૧ લાખ, સુરેશકુમાર પ્રજાપતિ દ્વારા રૂપિયા ૧ લાખ, નિવૃત્ત કર્મચારી નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ રાવલ દ્વારા રૂ. ૧ લાખ, ગોવિંદભાઈ પૂંજાભાઈ પ્રજાપતિ દ્વારા ૫૧ હજાર, ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લિમિટેડ દ્વારા ૭૧ હજાર, ધી ઉનાવાગૃપ તેલેબિયા ઉત્પાદક સહકારી મંડળી લિ. દ્વારા ૧૧ હજાર, રમેશચંદ્ર એમ. ભટ્ટ દ્વારા ૫ હજાર, ભરતભાઈ આર. મહેતા (મંત્રી શ્વે.જૈન.સંઘ, ગાંધીનગર) દ્વારા ૧,૦૮,૦૦૦ રૂપિયા, મેહુલ સતિષભાઈ પટેલ ૧૧ હજાર, ઓન.સેક્રેટરી ગાંધીનગર ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોશિએશન દ્વારા ૫૧ હજાર, શૈલષભાઈ શાહ દ્વારા ૧૦૦૮ રૂપિયા, પ્રતિક ભરતભાઈ પંડયા દ્વારા ૨૫ હજાર, ધી ચરાડા નાગરિક સહકારી બેંક લિ. દ્વારા ૨૧ હજાર, નિરવ વાડીલાલ પટેલ દ્વારા ૧૧ હજાર, મહેશ હિરાભાઈ પટેલ દ્વારા ૨૧ હજાર, ધી રૂપાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. દ્વારા ૧,૧૧,૧૧૧ રૂપિયા, સિનિયર સીટીઝન કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા ૧ લાખ, ધી કલોલ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા ૧,૫૦,૦૦૦ રૂપિયા, આશ્કા કો.ઓ.હા. સોસાયટી લિ, કોબા દ્વારા ૫૧ હજાર અને રિતેશ ચંદૂભાઈ પટેલ દ્વારા ૧૦ હજાર રૂપિયાની સહાય રાજય મુખ્યમંત્રી રાહતફંડ નિધિમાં આપવામાં આવી છે. આ નિધિમાં હજુ દાન આપવા માટેનો પ્રવાહ હજુ ચાલુ છે. આ નિધિમાં દાન આપનાર સર્વે સંસ્થાઓ અને વ્યક્તિઓનું જિલ્લા વહીવટીતંત્ર વતી કલેકટરે આભાર વ્યક્ત કર્યો છે.

ચિલોડા સ્થિત અક્ષર બંગ્લોઝ રહેણાંક વિસ્તાર સેનેટાઈઝેશન કરાયુ

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક મોટાપાયે અમદાવાદ-દહેગામ-સાદરા રોડ નજીક અનેક રહેણાંક વિસ્તારોમાં એપાર્ટમેન્ટ, બંગ્લોઝ અને ફ્લેટોની સ્કિમો આવેલી છે. જેમાં મોટી સંખ્યામાં રહીશોના મકાનોમાં નાગરિકો વસવાટ કરી રહ્યા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ ન વધે તેવા હેતુસર સોસાયટીના રહીશો દ્વારા આરોગ્ય અને કોરોના વાયરસનું લોક ટ્રાન્સમિશન ન થાય તેવી રીતે લોકડાઉનનું પાલન થાય. દવાનો છંટકાવ કરી સેનેટાઈઝેશનની કામગીરી, લોકોની આવન-જાવનનું રજીસ્ટર, સોશિયલ ડિસ્ટન્સનું પાલન, માસ્કનો ફરજિયાત ઉપયોગ વગેરે તકેદારીની ચકાસણી કરવામાં આવી રહી છે. ત્યારે ચિલોડા સ્થિત અક્ષર બંગ્લોઝ સોસાયટીમાં રહીશો દ્વારા તમામ તકેદીરાના પગલારૂપે સેનેટાઈઝેશનની કામગીરી રૂપે ત્રીજી વખત દવાનો છંટકાવ કરવામાં સ્વયંસેવકો દ્વારા સતત સેવા બજાવી રહ્યા છે.

રાજ્યમાં સુજલામ સુફલામ જળ અભિયાનનો ત્રીજો તબક્કો ૧૦મી જુન સુધીમાં પૂર્ણ કરાશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના મહત્વાકાંક્ષી અભિયાન સુજલામ સુફલામ જળ અભિયાનનો રાજયવ્યાપી ત્રીજો તબક્કો ૨૦ એપ્રિલથી ૧૦ જૂન-૨૦૨૦ દરમ્યાન પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો છે. આ હેતુસર રૂ. ૪૧૪ કરોડના ખર્ચે ૧૪,૬૯૪ કામો રાજય સરકાર દ્વારા હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામોમાં મુખ્યત્વે જળસંચયના કામો, મનરેગા અંતર્ગત તેમજ લોકભાગીદારીથી હાથ ધરાશે. રાજયના દરેક જિલ્લાઓમાં આ અભિયાન અંતર્ગત કરવાના થતા કામો માસ્ટર પ્લાન મુજબ સંબંધિત જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવશે તેમ પણ મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે. લોકભાગીદારીથી હાથ ધરાનારા કામોમાં સરકારનો ફાળો ૬૦ ટકા રહેશે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે પ્રવર્તમાન કોરોના વાયરસને કારણે લોકડાઉનની સ્થિતીમાં મુખ્યમંત્રીએ લીધેલા મહત્વપૂર્ણ નિર્ણયોની ભૂમિકા પ્રચાર માધ્યમોને આપી હતી.

ઘરમાં રહો
સુરક્ષિત રહો

જાહેરનામું

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૧૭/૩/૨૦૨૦

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જીલ્લો : મહેસાણા

ક્રમાંક : અમ-૨૦૨૦-૨૫૮-મ-જમક-૧૭૧૮-૨૮૫૨-ઘ

ગુજરાત સરકાર દ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના હેઠળ ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને જમીન સંપાદનમાં સંબંધમાં કાર્યો સુપ્રત કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાત સરકારને લાગે છે કે નીચે આપેલ અનુસુચિમાં ઉલ્લેખિત જમીનની જરૂરીયાત 'ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૪૯૫૦ થી ૬૩૬૦ મી. વચ્ચે' જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

અને જ્યારે ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના જાહેરનામા નં. અમ / ૨૦૧૯ /૪૨૮/મ/જમક/૧૭૧૮/૨૮૫૨/ઘ તા. ૮/૭/૨૦૧૯ના રોજ કાયદા અનુસાર પ્રકાશિત કર્યા હતા. તે જાણ કરવામાં આવી હતી કે શિડ્યુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરીયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરના રીપોર્ટથી સંતુષ્ટ છે જે જણાવે છે કે, અનુસુચિ મુજબ કહેવાતી જમીનોને સંપાદિત કરવાની જરૂર છે.

આથી ઉક્ત અધિનિયમની કલમુ૧૯ની જોગવાઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે, ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ સંધપુર-૨ તાલુકા વિજાપુર જી. મહેસાણાની કુલ ૩-૩૩-૨૧ હે.આરે.ચો.મી.ની જરૂર છે.

કોઈપણ કુટુંબ જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહ્યું અને તેથી કોઈપણ પુનઃસ્થાપન વિસ્તારની જરૂર નથી.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના કલમ-૩(જી) હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્યની પ્રક્રિયાઓ માટે કલેક્ટરના બધા કાર્યો કરવા માટે નિયુક્ત કરવામાં આવે છે.

જમીનના નકશાનું નિરીક્ષણ કોઈપણ કામના દિવસે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરની ઓફીસમાં કરી શકાશે.

અનુસુચિ

જીલ્લો : મહેસાણા : તા. : વિજાપુર ગામ : સંધપુર-૨

અ.નં.	નવીન સર્વે નંબર	સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૧૦૬૫	૦-૦૫-૯૦
૨	૧૦૬૯/૧૦૭૦	૦-૧૮-૪૦
૩	૧૦૬૭/૧૦૬૮	૦-૧૩-૨૩
૪	૧૦૧૮/૧૦૧૯	૦-૦૯-૭૫
૫	૧૦૨૦	૦-૦૩-૦૪
૬	૧૦૨૧	૦-૦૦-૦૫
૭	૯૬૪	૦-૧૪-૨૫
૮	૯૬૫	૦-૦૮-૮૪
૯	૯૬૯	૦-૧૫-૫૦
૧૦	૯૬૬/૯૬૭	૦-૦૯-૫૫
૧૧	૯૬૮	૦-૦૧-૨૦
૧૨	૯૫૦/૯૫૧	૦-૨૫-૧૬
૧૩	૯૫૨	૦-૦૭-૬૭
૧૪	૯૪૪/૯૪૫/૯૪૬	૦-૪૦-૨૪
૧૫	૯૪૭	૦-૦૧-૪૩
૧૬	૯૦૦/૯૦૧	૦-૧૧-૦૯
૧૭	૮૯૮/૮૯૯	૦-૧૬-૧૫
૧૮	૮૩૮	૦-૦૩-૧૫
૧૯	૮૯૪/૮૯૫	૦-૧૨-૧૧
૨૦	૮૯૬/૮૯૭	૦-૨૧-૧૨
૨૧	૮૯૧	૦-૦૭-૨૮
૨૨	૮૯૨/૮૯૩	૦-૧૭-૧૨
૨૩	૮૮૦	૦-૦૨-૭૮
૨૪	૮૭૯	૦-૧૮-૬૨
૨૫	૮૭૪	૦-૧૯-૧૮
૨૬	૮૭૩	૦-૨૩-૨૨
૨૭	૮૮૧	૦-૦૭-૧૮

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૭/૨૦